Out Ref. No.: 809/2020-21
Date : 22-02-2021

પ્રતિ,
આદરણીય તંત્રીશ્રી/આદરણીય સંચાલકશ્રી,
સુરત.

સુજ્ઞ મહાશય,

સવિનય જણાવવાનું કે, આ સાથેના સમાચાર આપશ્રીના સુપ્રસિધ્ધ અખબારમાં વિનામૂલ્યે છાપ આભારી કરશોજી.

સહકારની અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ,

(ડૉ.કે.એન.ચાવડા)
આચાર્યશ્રી.

## :: અમરોલી કોલેજમાં યુથ પાર્લામેન્ટ સેશનનું ઓયોજન થયુ ::

તા.૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઇ કોમર્સ કોલેજ, અમરોલીમાં યુથ પાર્લામેન્ટ સેશનનું આયોજન થયુ હતું. જેમાં ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ હાલમાં દેશમાં ચાલી રહેલી સમસ્યાઓ જેવી કે કૃષિ કાયદાઓ, નાગરિકતા સંશોધન કાનૂન, મોંઘવારી, આર્થિક સમસ્યાઓ, મહિલા સશકિતકરણ, દેશની સલામતી વગેરે વિષય ઉપર ચર્ચા અને પ્રશ્નોત્તરી કરી હતી. સમગ્ર કાર્યક્રમ બે ભાગમાં વિભાજીત થયો હતો. પ્રથમ સત્રમાં વિવિધ મુદ્દાઓ ઉપર પ્રશ્નોત્તરી જયારે બીજા સત્રમાં વિવિધ બીલને બહુમતિથી પસાર કર્યા હતા. ડૉ. ચિરાગ કે. સિધ્ધપુરીયાના માર્ગદર્શનમાં વિદ્યાથીઓને બે ભાગમાં સત્તાપક્ષ અને વિપક્ષમાં વિભાજિત કર્યા હતા. તેમજ સંસદમાં થતી કાર્યવાહી પ્રમાણે આબેહૂબ નાટય-રૂપાંતર કર્યુ હતુ.

પ્રિ. ડૉ. કે. એન. ચાવડાએ કહયુ હતુ કે વિદ્યાર્થીઓના વિકાસ માટે તેમજ ભવિષ્યના દેશના નેતાઓના ઘડતર માટે અને સારા નાગરિક બનાવવા માટે આવા કાર્યક્રમોનું વારંવાર આયોજન થવુ જોઇએ. મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સેનેટ સભ્ય શ્રી કનુભાઇ ભરવાડ હાજર રહી વિદ્યાથીઓને માર્ગદર્શન આપ્યુ હતુ તથા આ કાર્યક્રમના વખાણ કર્યા હતા અને વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.